# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૪૯ તા.૨૧-૦૨-૨૦૨૨

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય:- નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ (NMMS) પરીક્ષાની તારીખ બાબત.

સંદર્ભ:- ક્રમાંક : રાપબો/ NMMS/૨૦૨૨/૧૯૦૨-૮૯/તા.૨૧/૦૨/૨૦૨૨

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, રાજયમાં નબળી આર્થિક સ્થિતિ ધરાવતા તેજસ્વી વિદ્યાર્થીઓ ધોરણ-૧૨ સુધી અભ્યાસ પૂર્ણ કરી શકે તથા માધ્યમિક તથા ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં ડ્રોપઆઉટ દર ઘટે તે હેતુથી ધોરણ-૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ (NMMS) પરીક્ષા તા.૧૭-૦૪-૨૦૨૨ને રવિવારના રોજ યોજાનાર છે. જેની જાણ તમામ વિદ્યાર્થીઓ અને વાલીઓને કરવા જણાવવામાં આવે છે.

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૨૧-૦૨-૨૦૨૨

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

ક્રમાંક:રાપબો/NMMS/૨૦૨૨/૯૬૦૨-૮૬

રાજય પરીક્ષા બોર્ડ,
સરકારી પુસ્તકાલય સામે,
સેકટર-૨૧, ગાંધીનગર
તા:૨૧/૦૨/૨૦૨૨

## પરિપત્ર:-

**વિષય:- નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ (NMMS) પરીક્ષાની તારીખ જાહેર કરવા બાબત.**

**સંદર્ભ:-** અત્રેની કચેરીના તા.૨૮/૧૨/૨૦૨૨ના જાહેરનામા ક્રમાંક:રાપબો/NMMS/૨૦૨૧/૧૧૫૭૯-૧૧૬૩૮

રાજ્યમાં નબળી આર્થિક સ્થિતિ ધરાવતાં તેજસ્વી વિદ્યાર્થીઓ ધોરણ-૧૨ સુધી અભ્યાસ પૂર્ણ કરી શકે તથા માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળામાં ડ્રોપ આઉટ દર ઘટે તે હેતુથી ધોરણ-૮ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ (N.M.M.S) નામની યોજના MHRD, NEW DILHI તરફથી અમલમાં મુકવામાં આવેલ છે.

ઉકત પરીક્ષા **તા.૧૭/૦૪/૨૦૨૨ ને રવિવાર** ના રોજ તમામ જિલ્લાના તમામ તાલુકા મથકોએ યોજાનાર છે. આ અંગેની જાણ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓએ/શાસનાધિકારીશ્રીઓએ પોતાના તાબા હેઠળની તમામ સરકારી પ્રાથમિક શાળાઓ, ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓ તથા લોકલ બોડી શાળાઓમાં (જિલ્લા પંચાયત/મહાનગરપાલિકા/નગરપાલિકાની શાળા) કરવાની રહેશે અને આ શાળાઓ વિધાર્થીઓને પણ જાણ કરે તેવી સુચના આપની કક્ષાએથી આપવા વિનંતી.

સ્થળ: ગાંધીનગર
તારીખ:૨૧/૦૨/૨૦૨૨

સચિવ
રાજય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

- **નકલ રવાના અમલાર્થે**
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
- શાસનાધિકારીશ્રી, (તમામ)
- જનરલ મેનેજરશ્રી, ઇન્ડેક્ષ-બી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર
- **નકલ સવિનય રવાના જાણ સારૂ.**
- માન.શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન.રાજય કક્ષાના શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન.સચિવશ્રી, શિક્ષણ વિભાગ, નવા સચિવાલય,ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોકનં:૯,ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૪૬-A તા.૨૧-૦૨-૨૦૨૨

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષયઃ- બદલી થયેલ ૧૦૦% શિક્ષકોને છુટા કરવા બાબત.

સંદર્ભઃ- ક્રમાંક : પ્રાશિનિ/ક-નીતિ/ ૨૦૨૨/૧૫૫૩-૧૬૦૬/તા.૨૧/૦૨/૨૦૨૨

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, જે શિક્ષકોની બદલીઓ અંગેના હુકમો કરવામાં આવેલ છે પરંતુ પ્રવર્તમાન નિયમોની જોગવાઈઓ ધ્યાને લઈ તેઓને છુટા કરવામાં આવેલ નથી. તેવા તમામ શિક્ષકોને એટલે કે બદલીનો હુકમ થયેલ ૧૦૦% શિક્ષકોને ખાસ કિસ્સામાં છુટા કરવાની મંજૂરી આપવામાં આવે છે. પરંતુ ઉપર મુજબ છુટા કરવાના કારણે જો કોઈ શાળા શુન્ય(૦) શિક્ષકવાળી એટલે કે શિક્ષક વિનાની થતી હોય તેવા કિસ્સામાં છેલ્લે છૂટા થવા પાત્ર શિક્ષકને નવા શિક્ષક હાજર થયેથી છુટા કરવાના રહેશે.

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૨૧-૦૨-૨૦૨૨

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી
ગુ.રા., ગાંધીનગર
21 FEB 2022
આવક નં. 63293

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
બ્લોક નં. ૫, આઠમો માળ, સચિવાલય,
ગાંધીનગર -૩૮૨૦૧૦.
ફોન નં. ૦૭૯-૨૩૨-૫૧૩૪૩, ફેક્ષ નં. ૦૭૯-૨૩૨-૫૧૩૨૫
Email ID: tok51343@gmail.com

<u>ઈ-મેઈલ</u>

પત્ર ક્રમાંક: પીઆરઇ/૧૧૨૦૨૨/પ્રાશિનિ-૫૮/ક
તારીખ:૧૯/૦૨/૨૦૨૨

પ્રતિ,
નિયામકશ્રી,
પ્રાથમિક શિક્ષણની કચેરી,
ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં. ૧૨,
ગાંધીનગર- ૩૮૨૦૧૦

વિષય : બદલી થયેલ ૧૦૦% શિક્ષકોને છુટા કરવા બાબત

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વે આપના તા-૧૯/૦૧/૨૦૨૨ના પત્ર ક્રમાંક- પ્રાશિનિ/ક-નીતિ/૨૦૨૨/૪૪૨ના પત્ર અન્વયે જણાવવાનું કે જે શિક્ષકોની બદલીઓ અંગેના હુકમો કરવામાં આવેલ છે પરંતુ પ્રવર્તમાન નિયમોની જોગવાઇઓ ધ્યાને લઇ તેઓને છુટા કરવામાં આવેલ નથી તેવા તમામ શિક્ષકોને એટલે કે બદલીનો હુકમ થયેલ ૧૦૦% શિક્ષકોને ખાસ કિસ્સામાં છુટા કરવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

પરંતુ ઉપર મુજબ છુટા કરવાના કારણે જો કોઇ શાળા શૂન્ય(૦) શિક્ષક વાળી એટલે કે શિક્ષક વિનાની થતી હોય તેવા કિસ્સામાં છેલ્લે છુટા થવા પાત્ર શિક્ષકને નવા શિક્ષક હાજર થયેથી છુટા કરવાના રહેશે. આ આદેશની અમલવારી ત્વરીત કરવાની રહેશે.

આપનો વિશ્વાસુ,
(દિલીપ નાઈ)
સેક્શન અધિકારી

---

ઇ.નં. 63293

ક્રમાંક:પ્રાશિનિ/ક-નીતિ/2022/1553-1606
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.12/1, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર તા. 21/02/2022

<u>નકલ રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ:-</u>
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

(ડૉ. એમ.આઈ.જોષી)
પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ.રા. ગાંધીનગર